पुuना International School

Shree Swaminarayan Gurukul, Zundal

| | |
|---|---|
| **SUMMATIVE ASSIGNMENT -1 2020-21** | |
| **Grade – 6** | **Subject- GUJARATI** |
| **Syllabus – CH-1,2,3,4,5 (PURAK 1,2) FROM TEXTBOOK** | |

**[ READING SECTION]**

**1)** સારા પુસ્તક જેવો કોઇ મિત્ર નથી. તે આપણને સાચું માર્ગદર્શન આપે છે. તે આપણને સારા કામો કરવાનું પ્રોત્સાહન આપે છે. સારાં પુસ્તકો આપણને સુખદ્:ખમાં સમભાવથી રહેવાનું બળ આપે છે. મહાપુરુષોનાં જીવનચરીત્રો વાંચવાથી આપણને વિપત્તિમાં પણ શાંતિ અને ધીરજ જાળવી રાખવાની પ્રેરણા મળે છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં હિંમત, બહાદુરી, દયા, પ્રેમ, ક્ષમા વગેરે ગુણોનો વિકાસ થાય છે. સારાં પુસ્તકોના વાચનથી આપણામાં સારું – નરસું, સાચું – ખોટું પારખવાની આપણી શક્તિ ખીલે છે.

પ્રશ્નો 1 ) સૌથી શ્રેષ્ઠ મિત્ર કોણ છે ?

2) પુસ્તકો આપણને શેનું પ્રોત્સાહન આપે છે ?

3) મહાપુરુષોના જીવનચરિત્રો વાંચવાંથી શેની પ્રેરણા મળે છે ?

4) પુસ્તકો વાંચવાથી આપણામાં કેવાં ગુણોનો વિકાસ થાય છે ?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

**2)** વૃક્ષો અન્યના સુખને માટે છાંયડો આપે છે. પોતે તાપમાં તપીને અને અસહ્ય ગરમી વેઠીને બીજાને પોતાનાં ફળ આપે છે. પરોપકારી મનુષ્યો એવા જ હોય છે. જો આ નાશવંત કાયાનો ઉપયોગ પરોપકારાર્થે ન થવાનો હોય તો તેની ઉપયોગિતા શી? સુખડ જેમ વધારે ઘસાય તેમ વધારે સુવાસ આપે. શેરડી જેમ વધારે પિલાય તેમ વધારે રસ આપે. સોનું જેમ વધારે તપે તેમ વધારે ચળકાટ ધારણ કરે. ઉદાર મનુષ્યો પ્રાણાન્તે પણ પોતાના સદગુણો છોડતા નથી. જે બીજાને માટે જીવતો નથી તેનું જીવન નિરર્થક છે. જીવવા ખાતર જીવવું એ તો કાગડા – કૂતરાનું જીવન. જેઓ સૃષ્ટિના કલ્યાણમાં પ્રાણ પાથરે છે તેઓ જીવન સાર્થક કરે છે.

પ્રશ્નો 1 ) વૃક્ષોનું જીવન આપણને શું શીખવે છે ?

2) સુખડ, શેરડી અને સોનાની શી વિશેષતા છે ?

3) કોનું જીવન નિરર્થક છે ?

4) કાગડા – કૂતરાનું જીવન કોને કહેવાય?

5) ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો

આખરે ઉજાગરાનો અંત આવ્યો :
લગન ઊકલી ગયાં.
મા હવે,
ઘરની ચીજ વસ્તુઓ ગણે છે.
સંભારી સંભારી મેળવે છે.
સંભાળી સંભાળી ગોઠવે છે.
થાળી , વાટકા, ગ્લાસ, ડીશ,
બધું બરાબર છે.
ક્યાંય કશુય ખોવાયું નથી,
કશુંય ગયું નથી પણ
અચાનક કઇક યાદ આવતાં
એ ઓરડા વચ્ચે

ઉભી રહી જાય છે,
આંખોમાથી ટપકું ટપકું થાય છે.
ખારો ખારો પ્રશ્ન :
'મારી દીકરી ક્યાં?'

પ્રશ્નો :
1) ઉજાગરાનો અંત ક્યારે આવ્યો ?
2) મા કઇ વસ્તુઓ મેળવે છે ?
3) મા ઓરડા વચ્ચે શા માટે ઊભી રહી જાય છે ?
4) ઘરમાં કોણ નથી ?
5) કાવ્યને યોગ્ય શિર્ષક આપો.

**[WRITING SECTION ]**

## Q . 2 (A) નીચેના વિશે નિબંધ લખો.

1) મહેનતનું મહત્વ 2) મારી પ્રિય ઋતુ

નીચેના મુદ્દા પરથી વાર્તા લખો.

અક્બરનો દરબાર – એકસરખા બે ફૂલ – એક સાચું, એક બનાવટી – ફૂલને સ્પર્શ કર્યા વિના દૂરથી ઓળખવાની પરીક્ષા – બધા દરબારીઓની મૂંઝવણ – બિરબલની યુક્તિ – મધમાખીને પકડી લાવવી – ઉત્તર આપવો – બાદશાહની બિરબલને શાબાશી - બોધ.

### બિરબલની યુક્તિ

અકબર એક રાજા હતો. તેના દરબારમાં ઘણા બધા લોકો હતા પણ બિરબલ હાજરજવાબી અને બુદ્ધિચાતુર્ય માટે જાણીતો હતો. અકબર ઘણી વખત પોતાના દરબારમાં નવી નવી વાતો લાવતો. જે સારુ કામ કરે તેને ઇનામ પણ આપતો.

એક વખત અકબર રાજા પોતાના દરબારમાં એક જેવા જ બે ફૂલ લઇને આવ્યા.તેમાં એક ફૂલ સાચું છે અને એક ફૂલ બનાવટી છે. પરંતુ તેને સ્પર્શ કર્યા વગર બધાયે તેને ઓળખી બતાવવાનુ હતું. કોઇ તેનો જવાબ આપી શકતુ નથી કેમકે તે બન્ને ફૂલ એક સરખા જ લાગતા હતા.

કોઇ જવાબ આપી શકતુ ન હતું અકબરે બિરબલ સામે જોયું તો બિરબલ તરત પોતાના સ્થાનેથી ઊઠીને બહારથી એક મધમાખી મધમાખી પકડી લાવ્યો. મધમાખી તરત જે સાચુ ફૂલ હતુ તે ફૂલ પર બેઠી.

આમ બિરબલે ખુબ હોશીયારીથી ફૂલ ઓળખી બતાવ્યું.

2) એક લુચ્ચો દુકાનદાર – કરિયાણાની દુકાન – એક ગ્રાહક – ખાંડ ખરીદવી – દુકાનદારનું ઓછું તોલવું – ગ્રાહકની ફરિયાદ – ‘ વધારે વજન ઊંચકવું નહિ પડે,’ એવો દુકાનદારનો જવાબ- ગ્રાહકે ઓછા પૈસા ચૂકવવા – પૂરા પૈસા ચૂકવવા માટે દુકાનદારની માગણી – ‘પૈસા વધારે ગણવા નહિ પડે’ ગ્રાહકનો જવાબ - બોધ.

### જેવા સાથે તેવા

એક ગામમાં એક કરિયાણાની દુકાન હતી એ દુકાનદાર બહુ જ ચાલાક હતો. તે બધા ગ્રાહકને ઓછી વસ્તુ તોલીને આપતો હતો. બધા ગ્રાહકો તેનાથી પરેશાન હતા પણ કોઇ કાઇ બોલતુ નહિ.

એક વખત એક ગ્રાહક તે વેપારીને ત્યાં ખાંડ ખરીદવા આવ્યો ત્યારે પરંતુ તે કરિયાણાના દુકાનદારે તેને ખાંડ ઓછી તોલી તો ગ્રાહકે તેને ફરિયાદ કરી કે ભાઇ આ ખાંડ તો ઓછી છે તો દુકાનદારે કહ્યું કે ભાઇ વજન વધું ઊંચકવું નહિ પડે, ગ્રાહકને ગુસ્સો આવ્યો પણ તે કાઇ બોલ્યો નહિ પરંતુ તેને બદલો લેવાનું નક્કી કર્યુ તેને દુકાનદારને ઓછા પૈસા આપ્યા. તો દુકાનદારે ફરિયાદ કરી તો ગ્રાહકે એવુ કહ્યું કે પૈસા વધારે ગણવા નહિ પડે.

દુકાનદાર સમજી ગયો અને બધાને ઓછી વસ્તુ આપવાનું છોડી દીધું.

**[GRAMMAR SECTION]**

**Q .3 (A) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | પરિવાર | = | કુટુંબ | 2) | અચાનક | = | એકાએક |
| 3) | આશ્ચર્ય | = | નવાઈ | 4) | તકલીફ | = | મુશ્કેલી |
| 5) | ફરીશ્તો | = | દેવદુત | 6) | આંખ | = | નયન |
| 7) | માસ | = | મહિનો | 8) | હરખ | = | આનંદ |
| 9) | પ્રિય | = | વહાલું | 10) | આબરૂ | = | ઈજ્જત |
| 11) | પાન | = | પર્ણ | 12) | મોં | = | મુખ |
| 13) | સંતાવું | = | છુપાવું | 14) | વૃક્ષ | = | ઝાડ |

(B) નીચે આપેલા શબ્દોના વિરુધ્ધાર્થી શબ્દો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 1) | ગરીબ | X | અમીર | 2) | શાંતિ | X | અશાંતિ |
| 3) | પુણ્ય | X | પાપ | 4) | મંજૂર | X | નામંજુર |
| 5) | ધ્યાન | X | બેધ્યાન | 6) | વિદાય | X | સ્વાગત |
| 7) | વિશ્વાસું | X | અવિશ્વાસું | 8) | પાસે | X | નજીક |
| 9) | જ્ઞાન | X | અજ્ઞાન | 10) | જન્મ | X | મરણ |
| 11) | ચતુર | X | મુર્ખ | 12) | નાનો | X | મોટો |

**(C) નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

1) વાસી = આ ખોરાક વાસી છે.
2) દુધી = દૂધીનું શાક મને ભાવે છે.
3) રાજા = આ રાજા છે.
4) સૂરજ = સૂરજ ગરમી આપે છે.
5) મોબાઈલ = મોબાઈલ ઉપયોગી વસ્તુ છે.
6) બૉલપેન = બૉલપેનથી લખવામાં કામ આવે છે.
7) ઠંડી = આજે ખુબજ ઠંડી છે.
8) ચોપડી = ચોપડીથી જ્ઞાન મળે છે.
9) તડકો = શીયાળામાં તડકો ગમે છે.
10) બરફ = સિમલામાં બરફ પડે છે

**(D) શબ્દજોડ બનાવો.**

| | |
|---|---|
| 1) કુતરો - કુતરી | 2) કબુતર – હોલો |
| 3) બકરો – બકરી | 4) કુકડો – મરઘી |
| 5) દેડકો – દેડકી | 6) છોકરો – છોકરી |

**[LITERATURE SECTION ]**

**Q.4 (A) નીચેના પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં લખો.**

1) કીડી અને ભમરા સાથે કોણ – કોણ ફરવા નીકળ્યું?
જ) કીડી અને ભમરા સાથે પીલું, દેડકો અને ઉંદર ફરવા નીકળ્યા.

2) પાણીમાં કોણ કૂદી પડ્યુ?
જ) પાણીમાં દેડકો કૂદી પડ્યો.

3) તરતાં કોને – કોને આવડતું નહોતુ?
જ) તરતાં કીડી , ભમરા ,પીલું, દેડકો અને ઉંદરને આવડતું નહોતું.

4) પીલું ઝડપથી શું લઈ આવ્યું?

જ) પીલું ઝડપથી પાંદડું લઈ આવ્યુ.

5) ફ્રીજમાં ઠંડી કોને લાગે છે?

જ) ફ્રીજમાં ઠંડી ટામેટાને લાગે છે.

6) ટમેટું બંડી પહેરાવવા કોને કહે છે?

જ) ટમેટું બંડી પહેરાવવા દૂધીમાસીને કહે છે

7) ટમેટું ખુશ કેમ થયુ?

જ) ટમેટું સૂરજનો તડકો જોઈ ખુશ થયુ.

8) શેખ અબ્દુલ્લાં હજ કરવા શા માટે ના જઈ શક્યા?

જ) શેખ અબ્દુલ્લાં હજ કરવા તેમની ગરીબીના કારણે ના જઈ શક્યા.

9) લાખો વાણિયા પાસે શા માટે ગયો?

જ) લાખો વાણિયા પાસે પૈસા ઉધાર લેવા માટે ગયો.

10) ડાઘાસર ક્યાં આવેલું છે?

જ) ડાઘાસર ઉતર ગુજરાતના રાધંપુર પાસે આવેલું છે.

11) સવારે આવીને સાંજે કોણ સંતાઈ જાય છે?

જ) સવારે આવીને સાંજે સૂરજ સંતાઈ જાય છે.

12) મોં ના હોવા છતા કોણ અવાજ કરે છે?

જ) મોં ના હોવાછતા ચપટી અવાજ કરે છે.

13) જ્ઞાનની બારીઓ કોણ ખોલે છે?

જ) જ્ઞાનની બારીઓ કોમ્પ્યુટર ખોલે છે.

14) નાનું તળાવ કવિને ક્યારે બોલાવે છે ?

જ) નાનું તળાવ કવિને ભણવા સમયે બોલાવે છે

15) દૂરની ડુંગરમાળ કવિને ક્યારે બોલાવે છે ?

જ) દૂરની ડુંગરમાળ કવિને સાંજના સમયે બોલાવે છે.

## (B) નીચેના પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો.

1) અલી હુસેને શા માટે પૈસા ભેગા કર્યા હતાં? તે પૈસાનુ તેણે શું કર્યું?

જ) અલી હુસેને હજ કરવા માટે પૈસા ભેગા કર્યા હતા.તે પૈસા તેણે પાડોશના બાળકોની ભુખ મટાડવા માટે વાપરી દીધા.

2) ખોવાયેલું ધન કોણે પાછું અપાવ્યું ? શી રીતે?

જ) ખોવાયેલું ધન ડાઘિયાએ પાછું અપાવ્યું. ડાઘિયો શેઠને ધોતિયું પકડીને લઈ ગયો અને ચોરે જ્યાં ધન છુપાવ્યું હતું ત્યાં જઈને જમીન ખોતરવા લાગ્યો અને ત્યાંથી શેઠનો બધો  ચોરાયેલો માલ પાછો અપાવ્યો.

3) ડાઘિયો શા માટે માથુ પછાડીને મરી ગયો?

જ) લાખાએ ડાઘિયાને જોતા જ લાખાની આંખ ફરી ગઈ. અરે, રામ! આ કૂતરાએ મારી શાખ ઉપર પાણી ફેરવ્યું છે.એમ વિચાર્યું અને મો ફેરવી લીધુ.ડાઘિયાને આ સહન ન થયું અને તે પથ્થર ઉપર માથું પછાડીને મરી ગયો.,

4) ઉખાણાંને ઉકેલવાથી શું થાય છે?

જ) ઉખાણાંને ઉકેલવાથી મગજ વધારે કાર્યરત થાય છે. આપણી બુધ્ધિમાં વધારો થાય છે.નવું નવું જાણવા પણ મળે છે.

5) અલી હુસેનના પાડોશનાં બાળકો શા માટે રોકકળ કરતાં હતા?

જ) અલી હુસેનના પાડોશનાં બાળકોને કેટલાય દિવસથી ખાવાનુ મળ્યું નહતું તેથી તેઓ રોકકળ કરતાં હતા.

6) શેઠે ડાઘિયાની કોટે શું બાંધ્યું?

જ) શેઠે ડાઘિયાની કોટે એક ચિઠ્ઠી બાંધી જેમાં લખ્યું હતું કે “લાખાને જે પૈસા ધિર્યા હતા તેનાથી અનેક ગણું ડાઘિયાએ બચાવી આપ્યું છે તે વાત લખેલી હતી.

7) નાવડી બાનાવવા કોણા શું લઈ આવ્યુ?

જ) નાવડી બાનાવવા પીલું પાંદડું , ઉંદર કાછલી , કીડી લાકડી અને ભમરો દોરી લઈ આવ્યો.

8) કસ્તૂરબાએ જેલના સત્તાવાળાઓને પોતાનો શો નિશ્ચય જણાવ્યો ?

જ) કસ્તૂરબાએ જેલના સત્તાવાળાઓને પોતાનો નિશ્ચય જણાવતાં કહ્યું કે હું બીજાના હાથનું રાંધેલું ખાઇશ નહિ. જો ફળ મળશે તો ખાઇશ, નહિ તો ભૂખ સહન કરીશ.

9) આશ્રમમાં મજૂરો કામ કરવાની આનાકાની શા માટે કરવા લાગ્યા ?

જ) એક દિવસ આશ્રમમાં ચોર આવ્યા અને મજૂરોને મારી, જે કાઇ હાથમાં આવ્યું તે લઇને ભાગી ગયા.આથી મજૂરો ગભરાઇ ગયા અને કામ કરવાની આનાકાની કરવા લાગ્યા.

10) કસ્તૂરબાએ શા માટે જેલમાં નકોરડા ઉપવાસ કર્યા ?

જ) કસ્તૂરબા ધર્મપરાયણ હતાં. આથી એમણે જેલમાં બીજાનાં હાથનું રાંધેલું ખાવાની ના પાડી. જો ફળ મળે તો જ ખાવું ભલે ગમે તે થાય, જેલ સત્તાવાળા પણ મક્કમ રહ્યાં. આથી કસ્તૂરબાએ જેલમાં નકોરડા ઉપવાસ કર્યા.